

## ચિલોડા ખાતે રામદેવ પીરના નેજા ચઢાવવાનો કાર્યક્રમ યોજાયો

ભાદરવા સુદ-૯ના રોજ ચિલોડા મોટા ગામના પાદરે આવેલ રામદેવીપીરના મંદિરે ગામના યુવાનો દ્વારા નેજા ચઢાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ ધાર્મિક પ્રસંગે ગામના મુખ્ય ચોકથી મંદિર સુધી વાજતે ગાજતે ગુલાલની છોળો ઉડાડી રામાપીરની જયઘોષ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતુ. ત્યાર બાદ મંદિર ખાતે રામદેવપીરના રાસ ગરબાની રમઝટ જામી હતી અંતે ભક્તોએ મંદિરના શિખર પર નેજા ચઢાવી ધાર્મિક ધન્યતા અનુભવી હતી.

# અમદાવાદમાં પાંચને ખોરાકી ઝેરની અસર થતાં હોસ્પિટલમાં

અમદાવાદ, તા.૧૨

શહેરના મણીનગર વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલ જી હોસ્પિટલ ખાતે ગતરાડ,વસ્ત્રાલ ખાતે રહેતા પાંચ લોકોને ખોરાકીઝેરની અસર હેઠળ સારવાર દાખલ કરવામાં આવ્યા હોવાનું સૂત્રો તરફથી જાણવા મળ્યું છે.

આ અંગે મળતી માહીતી મુજબ,દસ્ક્રોઈ તાલુકામાં આવેલા ગતરાડ ખાતે રહેતા ગુલામભાઈ હુસેન મલીક,ઉં.વર્ષ-૩૨,હઝરાબીબી, ઉં.વર્ષ-૨૮,મુમતાઝબીબી,ઉં.વર્ષ-૨૬ ઉપરાંત મુબારક,ઉં.વર્ષ-છ અને મુસ્તકીન, ઉં.વર્ષ-બે તમામ રહે,ગતરાડ,વસ્ત્રાલ,તાલુકો-દસ્ક્રોઈને રવિવારના રોજ ખોરાકી ઝેરની અસર હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શહેરની એલ જી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા છે.આ અંગે હોસ્પિટલ સૂત્રોમાંથી મળતી માહીતી મુજબ,રવિવારના રોજ મોડી સાંજે દાખલ કરવામાં આવેલા આ દર્દીઓ પૈકી બે બાળકોને ઓપીડી સારવાર આપવામાં આવી છે.જયારે અન્ય ત્રણને આજે વોર્ડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.ચોકકસ કયા કારણોસર આ ખોરાકી ઝેરની અસર થવા પામી છે તે અંગે સત્તાવાળાઓ દ્વારા કોઈ જ સ્પષ્ટતા કરવામાં આવી નથી.



એન.એસ.યુ.આઈ.ના દેખાવો : શહેરની સરકારી વિજ્ઞાન વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજની હોસ્ટેલના રીનોવેશન માટે વારંવાર રજૂઆત છતાં પરિણામલક્ષી ઉકેલ ન આવતા એન.એસ.યુ.આઈ. દ્વારા ધરણાંનો કાર્યક્રમ યોજાયો હતો. ધરણાં કરવા જઈ રહેલ અગ્રણીઓની તસવીર.

# એલડીઆરપી કોલેજ ખાતે એલ્યુમ્ની મીટ યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે 'એલ્યુની મીટ-પ્રતિસ્મૃતિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એલ્યુમ્ની મીટમાં ૩૦૦થી વધુ એલ્યુમ્ની એટલે કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં ઈન્સ્ટીટયુટના ડાયરેકટર ડૉ. ભાવિન પંડયાએ પ્રસંગોચિત ઉદબોધનમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંસ્થાના વિકાસના એક મહત્વના આધાર સ્તંભ તરીકે બિરદાવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ વલ્લભભાઈ પટેલે સંસ્થાના વિકાસમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સિંહફાળાની નોંધ પણ લીધી હતી તથા કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ સિધ્ધીઓ હાંસલ કરવા બદલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રવર્તમાન વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો હતો. આ કાર્યક્રમને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સંસ્થાના પદાધિકારીઓએ ઉત્સાહપૂર્વક માણ્યો હતો.

# મહિયલમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિદ્યાર્થીનીઓએ મેદાન માર્યું

## મહિયલ શાળાની વિદ્યાર્થનીઓનો બાયોગેસ પ્લાન્ટ પ્રોજેક્ટ પ્રથમ નંબરે

મહિયલ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે પ્રાંતિજ ઉચ્ચત્તર-માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીનીઓ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન કેમ્પ મહિયલ ખાતે શનિવારના રોજ યોજાયો હતો. પ્રદર્શનમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને અનેક વૈજ્ઞાનિક પ્રોજેક્ટ રજુ કર્યા હતા. જે પૈકી મહિયલની જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલની બે વિદ્યાર્થીનીઓના પ્રોજેક્ટ પ્રથમ નંબરે આવ્યો હતો.



તલોદના મહિયલ ખાતે આવેલ શેઠ જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલમાં શનિવારના રોજ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયો હતો. જેમાં તલોદ-પ્રાંતિજ ઉચ્ચ માધ્યમિક શાળાઓનો ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બેનો જોડકા વિદ્યાર્થીઓ પોત-પોતાના પ્રોજેક્ટ રજુ કર્યા હતા જે પૈકી મહિયલ હાઈસ્કૂલની બે વિદ્યાર્થીનીઓ સોલંકી ઈચ્છા બહેન દિલાવરસિંહ તથા જોષી કેનુ વિમલકુમારનો બાયોગેસ પ્લાન્ટ આધારીત પ્રોજેક્ટ નિર્ણય કરતાઓમાં સર્વ શ્રેષ્ઠ સાબિત થયો હતો જેના માર્ગદર્શક શાળાના શિક્ષક એ.વી. શાહે આ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીનીઓને સચોટ માહિતી અને તેની ઉપયોગીતા અંગે માર્ગદર્શન પુરૂ પાડી પ્રથમ ક્રમાંક મેળવવામાં મદદગાર બન્યા હતા. શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા સહા આધ્યાયો આ બે વિજેતા વિદ્યાર્થીનીઓને પાઠવ્યા હતા. શાળાનું ગૌરવ વધારવા બદલ શાળા સંચાલક મડળે અભિનંદન સાથે ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છા પાઠવી હતી.

# સોસ્તર જૂથ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

સોસ્તર જૂથ સમાજ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તાજેતરમાં લિંબચ ધામ ખાતે યોજાયો હતો. જેમાં સમાજના ઉચ્ચ અભ્યાસક્રમ કરેલા ૫૦ થી વધુ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના સિનિયર સિટીઝનોનું પણ શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૧૩માં આવેલ લિંબચ ધામ ખાતે સોસ્તર સમાજ દ્વારા આયોજીત વિદ્યાર્થીઓના સન્માન સમારોહ કાર્યક્રમમાં સુભદ્રાબેનના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભમાં સ્વ. પ્રમુખ કાંતિભાઈ.કે.નાયી અને પ્રગટ બ્રહ્મસ્વરુપ પ્રમુખ સ્વામી મહારાજને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. સોસ્તર જૂથ સમાજના ઉપપ્રમુખ પ્રવિણભાઈ શર્મા એ પ્રાંસગીક ઉદબોધન કર્યુ હતું. આ પ્રસંગે સુભદ્રાબેનનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. તેમજ સોસ્તર જૂથ સમાજના ટ્રસ્ટના એમડી રમણભાઈ.પી.શર્મા અને પ્રમુખ પંકજભાઈ શર્મા અને વિજાપુરથી સમાજના ટ્રસ્ટીઓ તથા સમાજના ચીફ સેક્રેટરી શરદભાઈ શર્મા, મેનેજર મુકેશભાઈ વૈધ, રમણભાઈ શર્મા, ત્રિકમલાલ નાયી, શકરાભાઈ વૈધ, અમૃતભાઈ તથા ડાહ્યાભાઈ ગવાડાનું શાલ તેમજ ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મેડીકલક્ષેત્રે એમ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર બે દિકરીઓ કુ.પ્રજ્ઞાબેન પ્રવિણભાઈ શર્મા અને શહેરી ભાવિકાબેન રમેશભાઈ પારેખ તેમજ દેવાંગ રમેશભાઈ પારેખને બુકે, એવોર્ડ અને ઈનામ આપી પ્રોત્સાહીત કરાયા હતા. જયારે સમાજના અન્ય અંદાજે ૫૦ જેટલા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા.સોસ્તર જુથ વિજાપુર તેમજ ગાંધીનગરના એમડી તથા સમાજના પ્રમુખ થતા અન્ય ટ્રસ્ટીગણે વિદ્યાર્થીઓને અભિનંદનસહ શુભેચ્છા પાઠવી હતી.ગાંધીનગર સમાજના પ્રમુખ પંકજભાઈ નાયીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ તમામ મહેમાનો, ટ્રસ્ટીઓ, દાતાઓ, સીનીયર સિટીઝનનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્મનું વ્યવસ્થા સંચાલન સેક્રેટરી રમેશભાઈ પારેખ, કાલીદાસભાઈ શર્મા, નિલેશભાઈ, નવિનભાઈએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા ઉપપ્રમુખ પ્રવિણભાઈ શર્માએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે સૌ કોઈ મહેમાનોએ સમુહ ભોજન પ્રસાદનો લાભ લઈ છુટા પડ્યા હતા.

# રેનબસેરાની પરિસ્થિતિ કફોડી બની : તાળા મારવાની નોબત

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરના વિવિધ ઝોનમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન મુજબ ૪૭ જેટલા રેનબસેરા બનાવી તો દીધા પરંતુ તંત્રની બેદરકારીના કારણે આજે આ રેનબસેરા પૈકી મોટાભાગના રેનબસેરા બંધ હાલતમાં છે.તંત્રની બેદરકારીના કારણે આ રેનબસેરા અસામાજિક તત્વો માટે અડ્ડો બની જવા પામ્યા હોવાનો વિપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.આ અંગે મળતી માહિતી મુજબ,નિરાધાર અને રસ્તા ઉપર રહેતા લોકોને આશ્રય મળી રહે એ હેતુથી સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ,શહેરના વિવિધ વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી ૪૭ જેટલા રેનબસેરા બનાવવામાં આવ્યા છે.તેમાં પણ છેલ્લા બે વર્ષ દરમ્યાન તો એકપણ નવું રેનબસેરા બનાવવામાં આવ્યું નથી.રેનબસેરામાં રસ્તા ઉપર રહેતા લોકો માટે સુવાની અને નાહવા-ધોવાની વયવસ્થા કરવાની હોય છે.પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રેનબસેરા બનાવીને તેને ચલાવવાની કામગીરી એનજીઓને સોંપી દઈને જવાબદારી પુરી થઈ ગઈ હોય એમ રેનબસેરા તરફ ધ્યાન જ ન આપતા આજે પરિસ્થિતિ એવી આવી ગઈ છે કે,શહેરના મોટાભાગના રેનબસેરા કાંતો બંધ હાલતમાં છે અથવા તો તૂટેલી હાલતમાં.

ઉપરાંત સૌથી આઘાતજનક બાબત તો એ સામે આવવા પામી છે કે,રેનબસેરા બનાવી દીધા બાદ ખરેખર તે કોના નિયંત્રણમાં આવે યુ.સી.ડી કે પછી એસ્ટેટ કે હાઉસિંગ પ્રોજેકટ તેની તંત્રમાં પણ કોઈ અધિકારીને જાણ નથી.લાખ્ખો રૂપિયાના આંધણ પછી બનાવવામા આવેલા આ રેનબસેરા અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયા હોવાનો આક્ષેપ કરતા મ્યુનિસિપલ વિપક્ષનેતા દિનેશશર્માએ એક નિવેદનમાં કહ્યું છે કે,રેનબસેરામાં પુરતી સફાઈ પણ કરવામાં આવતી નથી.આ પરિસ્થિતિમાં માનવતાના ધોરણે તંત્ર તરફથી પુરતી વયવસ્થા તાકીદે કરવામાં આવે એવી માંગણી છે.

# કોંગ્રેસે ગુજરાતના યુવાનોનું અપમાન કર્યું : ભરત પંડ્યા

અમદાવાદ, તા.૧૨

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ સુરતના વરેલીની કમનસીબ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, આ પ્રકારની ઘટના સંવેદનશીલ સમાજ અનો સરકાર માટે ખુબ જ આઘાતજનક છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ દુષણનો ભોગ બનેલા મૃતકો પ્રત્યે દિલસોજી વ્યક્ત કરી ઘટનાના તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. પોલીસ પર એકશન લીધા છે અને આરોપીને તાકીદે પકડી લેવાના પગલાં ભર્યા છે. હજુ તપાસ ચાલુ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ ઘટનાને ગંભીરતાતી લઈને જ તપાસ સમિતિને ત્રણ દિવસમાં પ્રાથમિક અહેવાલ આપવાનું કહ્યું હતું. સમાજમાં આ પ્રકારના નશાની બદીઓ દ્વારા લોકોને નર્કાગારમાં ધકેલનાર તત્વો સામે સરકાર કડક હાથે કામ લેશે. વિપક્ષના નેતાએ ગુજરાતને પંજાબ સાથે અયોગ્ય અને અને નિદનીય તુલના કરી છે.

ગુજરાતનાં યુવાનો નશાખોરી, વ્યસનો સાથે ગળાડુબ છે. તેમ કહીને ગુજરાતના તમામ યુવાનોનું અને ગુજરાતની સંસ્કારીતાનું અપમાન કર્યું છે. નશાખોરી સાથે કેટલાંક તત્વો જવાબદાર હોય છે, બહુ જ ઓછા અને જુજ લોકો જોડાયેલા છે. પરંતુ તેને કારણે ગુજરાતનાં યુવાનો અને ગુજરાતને નશામાં ડુબેલું છે તેમ કહીને ગુજરાતને બદનામ ન કરી શકો. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, દારૂબંધી અંગે સરકાર કડક કાર્યવાહી કરી રહી છે અને કરશે પરંતુ માત્ર સરકાર નહી તમામ રાજકીય પાર્ટીઓ, સમગ્ર સમાજે તમામ સંસ્થાઓએ પણ એક પ્રકારનું વ્યસનમુક્તિ અભિયાન ઉપાડયું પડશે.



## તત્વ એન્જીનીયરીંગ કોલેજમાં શ્રીગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી

મોડાસાની તત્વ એન્જીનીયરીંગ કોલેજમાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ મહોત્સવનું આયોજન કરાયું હતું. શ્રી ગણેશજીની મૂર્તિની વિધિવિધાનપૂર્વક ધામધૂમથી સ્થાપના કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીગણ, આચાર્યશ્રી, સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. તેમાં નિયમિત સવાર-સાંજ આરતી, મહાપ્રસાદ તથા તા. ૭-૯-૨૦૧૬ના રોજ મહોત્સવના અંતિમ ચરણમાં તા. ૯-૯-૨૦૧૬ના રોજ નીકળી હતી અને વાજતે ગાજતે શ્રીગણેશજીની મૂર્તિનું વિધિવત વિસર્જન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગણપતીબાપાના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બની ગયેલ હતુ. આ ઉત્સવના સફળ આયોજન બદલ સંસ્થાના તમામ ટ્રસ્ટીગણ અને સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓને બિરદાવેલ છે.

# પ્રાંતિજ ગોપીનાથ સોસાયટીમાંથી બાઈકની ચોરી

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ગોપીનાથ સોસાયટીમાંથી ઘર આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી જતા પોલિસ ફરિયાદ થઈ હતી.

પ્રાંતિજ ગોપીનાથ સોસાયટીમાંથી રાત્રીના સમયે ઘર આગળ પાર્ક કરેલ બાઈક નંબર જીજે ૯ એએમ ૮૬૨૭ કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈને જતા બાઈક માલિક શ્રીકાન્તભાઈ ચંદુભાઈ પટેલ દ્વારા અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વિચારયાત્રા ● ૪ પાનાનું ચાલુ...

જ કર્યાના વહેમમાં આપણા થાકેલા શરીરને, જેમ જૂનો ભંગાર કોથળામાં ભરીને માળીએ ચડાવીએ તેમ આપણા શરીરને કફની લેંઘામાં નાખીને સોફા પર પડીએ છીએ. ટી.વી. જોતા જમીને કે જમતા-જમતા ટી.વી. જોઈએ ટૂંકમાં બેય ક્રિયા જેમ-તેમ પતાવી પથારીમાં પડીએ, તે વહેલી પડે સવાર!

આપણી આ મહત્ત્વપૂર્ણ દિનચર્યામાં જો ઉપર મુજબનો એકાદ પ્રસંગ ઉમેરીએ તો કદાચ આખા દિવસમાં કયારેક કોઈક ક્ષણ જીવી પણ જઈએ.

'અરધી સદીની વાંચનયાત્રા' માં વાંચેલ પ્રસંગ યાદ આવે છે. 'આપણા'નો અર્થ ફક્ત કોઈ વસ્તુ આપણા પૂરતો નથી. મધુર સ્મિત, પ્રેમાળ વાણી અને લાગણી ભરેલો સ્પર્શ - એ પણ એક જાતનું દાન જ છે. રશિયન લેખક તુર્ગનેવની વાર્તામાં એક માણસ, ભિખારીને આપવા માટે પોતાના ખિસ્સામાં કાંઈ જ ન હોવાના કારણે એની સાથે હાથ મિલાવે છે - ભિખારી હસીને કહે આ પણ એક દાન જ છે ને!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## અજવાળું અજવાળું ● ૪ પાનાનું ચાલુ...

ખરાબ વર્તન કર્યું છે તેમને પણ કરુણાથી માફ કરવા એ અઘરું છે અને આ અઘરી વાત સમજાવનારું પર્વ જ પર્યુષણ છે. એ આઠ દિવસનું નહિ આઠે પહોરનું બની રહે ત્યારે આ પર્વના અજવાળા આપણી જિંદગીમાં સતત રેલાય છે.

તેજપુંજ :

ખામેમી સવ્વ જીવે
સવ્વે જીવ્વા ખમંતુમે
મિત્તિમે ભૂએસ્સુ
વેરં મજઝં ન કેણઈ

## વ્યાપક હિંસા ● અનુસંધાન પહેલાનું ચાલુ

પહોંચાડવામાં આવ્યું હતું. પોલીસે આ સંબંધમાં ચાર લોકોની ધરપકડ કરી છે. સતત વધી રહેલા વિવાદ વચ્ચે તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ આજે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. સાવચેતીના પગલારુપે ચેન્નાઈમાં કન્નડ સ્કૂલોમાં અડધા દિવસની રજા જાહેર કરાઈ હતી. તમિળનાડુમાં કર્ણાટકના લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડવામાં આવ્યા બાદ મુખ્યમંત્રી સીદ્ધા રમૈયાએ કહ્યું છે કે, તેઓ જયલલિતાને પત્ર લખશે. બીજી બાજુ કર્ણાટકના ગૃહરાજ્યમંત્રી પરમેશ્વરે રાજ્યમાં તમિળનાડુના લોકોને પુરતી સુરક્ષા આપવાની ખાતરી આપી છે. તેમણે કહ્યું છે કે, બેંગ્લોર અને રાજ્યના બીજા ભાગોમાં રહેતા તમિળનાડુના લોકોને પુરતી સુરક્ષાઆપવામાં આવી રહી છે. મૈસુરમાં પણ એવા વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે જ્યાં તમિળનાડુના લોકો વધારે રહે છે. કાવેરીના પાણીને લઈને કર્ણાટકના બેંગ્લોર ઉપર મંડિયા, મૈસુર અને હાસનમાં જોરદાર દેખાવો થઈ રહ્યા છે. બેંગ્લોર અને મૈસુરમાં દેખાવકારોએ જોરદાર તોડફોડ મચાવી હતી. હાસનના અડિયાર આનંદ ભવન ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ વિખવાદ વધુ વધે તેવી શક્યતા છે. આજે પણ હિંસક તોડફોડનો સિલસિલો જારી રહ્યો હતો. વધુ સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.

## ટીમ ઈન્ડિયા ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે બે સદી અને એક અડધી સદી સાથે ૩૬૬ રન કરી ચુક્યો છે. કેપ્ટન ગૌત્તમ ગંભીર ૩૨૦ રન કરી ચુક્યો છે પરંતુ આ બંનેને તક આપવામાં આવી નથી. ત્રણ મેચોમાં ૧૪ વિકેટ લેનાર કુલદીપ યાદવની પણ પસંદગી કરવામાં આવી નથી. બીજી બાજુ પસંદગીકારોએ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ગયેલી ઈન્ડિયા એ ટીમમાંથી પણ કોઈની પસંદગી કરી નથી. ચાર દેશોના આ ટુર્નામેન્ટમાં ભારતે જીત મેળવી હતી. વનડે ટુનાર્મેન્ટમાં મનિષ પાંડેએ ૩૫૯ રન કર્યા હતા. વનડે આંતરરાષ્ટ્રીય મેચોમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોરના રેકોર્ડ પોતાના નામ ઉપર ધરાવનાર મુંબઈના આ બેટ્સમેને ટેસ્ટ ક્રિકેટમાં હજુ સુધી પોતાની જગ્યા પાકી કરી નથી પરંતુ હવે તેને ન્યુઝીલેન્ડ સામે પોતાની કુશળતા સાબિત કરવાની તક રહેલી છે. વેસ્ટઈન્ડિઝની સામે ૨૦૧૩માં ભારતમાં સતત બે સદી ફટકારીને રોહિત શર્માએ ટેસ્ટ કેરિયરની શાનદાર શરૂઆત કરી હતી. રોહિત શર્મા પાસે કેટલાક સારા સ્ટ્રોક છે છતાં તે નિયમિત સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગયો છે જેથી અંતિમ ઈલેવનમાં તે નિયમિત સ્થાન મેળવી શક્યો નથી. વેસ્ટઈન્ડિઝ સામે તાજેતરમાં જ રમાયેલી શ્રેણીમાં ચાર પૈકી બે ટેસ્ટ મેચોમાં રમવાની તક તેને મળી હતી જેમાંથી એક મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી જ્યારે ગ્રોસઆઈલેટમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં તે નવ અને ૪૧ રન બનાવવામાં સફળ રહ્યો હતો. પસંદગીકારો આ ૨૯ વર્ષીય બેટ્સમેનમાં કેટલો વિશ્વાસ મુકી શકે છે તેના ઉપર નજર કેન્દ્રિત રહી હતી. વેસ્ટઈન્ડિઝ સામે ત્રીજી ટેસ્ટમાંથી પુજારાને બહાર કરવામાં આવ્યો ત્યારે પુજારાબે ઈનિંગ્સમાં ૬૨ રન કર્યા હતા. જો કે, દુલિપ ટ્રોફીમાં સતત બે મેચોમાં સદી ફટકારી હતી. જેના લીધે પુજારાએ સ્થાન જાળવી રાખવામાં સફળતા મેળવી છે. ટીમના અન્ય ખેલાડીઓમાં કોઈ વધારે ફેરફાર કરવામાં આવ્યા નથી.

## સ્વચ્છતા અભિયાન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચાયતો અપનાવી રહી હોવાની બાબત ખુબજ ગંભીર છે ત્યારે તંત્રએ આ બાબતે જન આરોગ્ય અને જનસુખાકારી માટે દરમ્યાનગીરી કરી તાકીદે ૧૭મી સુધી તમામ ગામો સ્વચ્છ બને તે જરૂરી છે.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલે પણ તમામ તાલુકા વિકાસ અધિકારીઓ પાસે આયોજનની વિગતો આજે સાંજ સુધીમાં મોકલી આપી ૧૩મીથી કામગીરી ચાલુ થઈ જાય તેમજ તેનુ મોનીટરીંગ અસરકારક રીતે થાય તે માટે આગ્રહ કર્યો હતો. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે તેઓ આ સપ્તાહ દરમ્યાન આકસ્મિક મુલાકાત લઈ ચકાસણી પણ કરશે. ખાસ કરીને પ્લાસ્ટીક અને ગંદકી દૂર થાય તેના પર તેમણે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યું હતું.

## પ્રોજેક્ટ મંદ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગના વાઈડનીંગનુ કામ હજુ માત્ર ૨૦ટકા જ થયુ છે. ખ માર્ગને ખ-૦ થી ખ -૭ સુધી સિકસલેન બનાવાનુ નક્કી કરાયુ છે. જયારે વાઈબ્રન્ટ સમિટ આગામી જાન્યુઆરી મહીનામાં યોજાવાની હોવાથી હાલ શહેરના રસ્તા સહીતના જરૂરી કામો માટે પુર્વ આયોજન તેમજ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ત્યારે વાઈબ્રન્ટ દરમિયાન મહાનુભાવોની અવરજવર માટે મુખ્ય બનતા ખ માર્ગનુ હજુ ઠેકાણુ પડયુ નથી.સિકસલેન બનાવાની યોજના અટવાઈ પડી છે.